દેહદાનનું અભિયાન રંગ લાવ્યું

બાયડ તાલુકામાં વધુ એક દેહદાન, હિંમતનગર મેડીકલ કોલેજમાં અભ્યાસ માટે મૃતદેહ અપાયો

બાયડ, તા.૨૪

રાજ્યમાં અનેક ગંભીર રોગનો પવન ફૂંકાયો છે. ત્યારે મેડીકલમાં અભ્યાસ કરતા છાત્રોને મૃતદેહના અભ્યાસ માટે પૂરતા પ્રમાણમાં દેહદાન મળતું નથી ત્યારે લાયન્સ કલબ-બાયડ દ્વારા ચલાવવામાં આવી રહેલા દેહદાન અભિયાન રંગ લાવ્યું છે અને એક સપ્તાહમાં વધુ એક દેહદાન મળતાં તાલુકાના દેસાઈપુરાના સ્વજનના મૃતદેહને મેડીકલ કોલેજના છાત્રોના અભ્યાસ માટે હિંમતનગર મેડીકલ કોલેજને આપવામાં આવ્યો છે.

આજે પણ રુઢીચૂસ્ત વિચારસરણીના કારણે અનેક લોકો ચક્ષુદાન સહિતના અંગો દાન કરવામાં ક્ષોભ અનુભવી રહ્યા છે. પરંતુ બ્રેઈનડેડ લોકોના અનેક ઓર્ગનથી અન્યનું જીવન બચાવવાના અનેક કેસ રાજ્યમાં નોંધાયા છે. ત્યારે લાયન્સ કલબ-બાયડ છેલ્લા દોઢ દાયકાથી ચક્ષુદાન અને દેહદાનની પ્રવૃત્તિને લોકજાગૃતિ રુપે આગળ ધપાવી રહી છે. બાયડ તાલુકાના દેસાઈપુરાકંપાના સોમજીભાઈ પટેલનું અવસાન થયું અને તેમના પુત્ર અશ્વિનભાઈએ પિતાના મૃતદેહને મેડીકલ કોલેજના છાત્રોના અભ્યાસ માટે દેહદાન કરવાનો નિર્ણય કરી લાયન્સ કલબ-બાયડના પૂર્વ પ્રમુખ ડૉ.મહેન્દ્ર બી. પટેલ અને ડેમાઈના ડૉક્ટર અમિત વૈદ્યનો સંપર્ક કર્યો જેથી તેઓએ તાબડતોબ હિંમતનગર મેડીકલ કોલેજ સાથે સંપર્ક કેળવી દેહદાન માટે સંમતિ મળ્યા પછી પરિવારજનોની હાજરીમાં સ્વજનના મૃતદેહને મેડીકલ છાત્રોના અભ્યાસ માટે સોંપવામાં આવ્યો. છેલ્લા કેટલાક સમયથી કચ્છી પાટીદાર સમાજમાં દેહદાન આપવાની જાગૃતતા અન્ય સમાજમાં પણ પ્રસરે તે જરુરી છે.

સરેરાશ ૧૬ થી ૨૫ ઈંચ વરસાદ ખાબકતાં ખેતીની તબિયત બગડી

સાબરકાંઠા જિલ્લામાં ૧.૭૯ હેક્ટર ખરીફ વાવણી લીલા દુષ્કાળ ભણી ફંટાઈ

વરસાદ નહીં થંભે તો અનેક વિસ્તારોમાં વાવણી નિષ્ફળ જશે

બાયડ, તા.૨૪

સાબરકાંઠા જિલ્લામાં મોસમનો સરેરાશ ૬૩ ટકા વરસાદ વરસ્યો છે. અવિરત વરસાદના કારણે જિલ્લામાં વાવણી થયેલ ૧,૭૯,૯૭૬ હેક્ટર ખરીફ વાવેતર પૈકી કેટલાક વિસ્તારોમાં લીલા દુષ્કાળના કારણે વાવણી નિષ્ફળ જવાનો ભય હાવિ થઈ ગયો છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર સતત વરસી રહેલા વરસાદના કારણે આ વર્ષે જુલાઈના ત્રીજા સપ્તાહ સુધીમાં બમ્પર વાવેતર થયું પરંતુ હવે વરસતો વરસાદ ખેતી માટે નુકસાનકારક સાબિત થઈ શકે છે. સાબરકાંઠા જિલ્લાના ૮ તાલુકામાં અત્યાર સુધીમાં મોસમનો સરેરાશ ૨૦ થી ૨૬ ઈંચ વરસાદ ખાબક્યો છે અને હજુ પણ ત્રીજા રાઉન્ડમાં જિલ્લાના અનેક વિસ્તારોમાં ભારે વરસાદની આગાહીના પગલે ખેડૂતોની ઉંઘ હરામ થઈ ગઈ છે. કેટલાક વિસ્તારોમાં બીજા રાઉન્ડના વરસાદના પાણી ખેતરમાંથી શોષાયા નથી અને ત્યાં ફરી અનરાધાર વરસાદ વરસતાં ખેતરો દિવસો ના દિવસો સુધી બેટમાં ફેરવાઈ ગયા છે. ત્યારે જિલ્લાના તલોદ, પ્રાંતિજ, ઈડર, ખેડબ્રહ્મા અને પોશીના સહિતના કેટલાક વિસ્તારોમાં લીલા દુષ્કાળનો ભય હાવિ થયો છે. કેટલાક ખેતરોમાં તો વાવેતર નિષ્ફળ જતાં ખેડૂતોનું મોંઘુદાટ બિયારણ અને ખાતર નિષ્ફળ જતાં સરકારે અનરાધાર વરસાદને કુદરતી આપદા જાહેર કરી ખેડૂતોને બિયારણ, ખાતર માટેની સહાય આપવી જોઈએ તેવું કેટલાક ખેડૂતોએ જણાવ્યું છે. સાબરકાંઠાના લગભગ ૪૦ થી વધુ ગામોમાં અવિરત વરસાદના કારણે લીલા દુષ્કાળનો ભય હાવિ થયો છે અને હવે જિલ્લામાં સાર્વત્રિક ૪ થી ૮ ઈંચ વરસાદ વરસે તો સમગ્ર જિલ્લો લીલા દુષ્કાળની ગર્તામાં ધકેલાઈ જાય તેવી દહેશત ખેડૂતોએ વ્યક્ત કરી છે.

જિલ્લામાં સરેરાશ વરસાદ

તાલુકો	વરસાદ (ઈંચમાં)
ખેડબ્રહ્મા	૨૨
વિજયનગર	૧૯
વડાલી	૧૬
ઈડર	૧૮
હિંતમનગર	૧૬
પ્રાંતિજ	૨૫
તલોદ	૨૪
પોશીના	૨૫

જિલ્લામાં વાવણી વિસ્તાર

તાલુકો	વાવેતર (હેક્ટરમાં)
હિંમતનગર	૪૧,૬૩૮
ઈડર	૪૪,૬૬૪
ખેડબ્રહ્મા	૨૨,૨૭૯
પોશીના	૦૯,૧૪૪
પ્રાંતિજ	૧૩,૮૦૦
તલોદ	૧૮,૬૬૮
વડાલી	૧૯,૪૬૫
વિજયનગર	૧૦,૫૧૮

પાલનપુરમાં એક કલાકમાં અઢી ઇંચ વરસાદ ખાબક્યો...

શહેરના નીચાણ વાળા વિચારો જળબંબાકાર પાલિકાના પ્રિમોન્સૂન પ્લાનના ધજાગરા ઉડ્યા

પાલનપુર તા.૨૪

બનાસકાંઠા જિલ્લા મથક પાલનપુર શહેરમાં આજે બપોરે ૧૨ ૨૦ ની આસપાસ ધીમીધારે શરૂ થયેલા મેઘરાજાએ થોડી જ મિનિટોમાં ધડ બડા ટી બોલાવી હતી. અંદાજે દોઢથી પોણા બે કલાક એકાએક ભારે વરસાદ શહેરમાં ખાબકતા શહેરના નિચાણવાળા વાળા વિસ્તારમાં જળબંબાકાર ની હાલત સર્જાઈ હતી.આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, પાલનપુર શહેરમાં આજે બપોરે ૧૨:૦૦ વાગ્યા બાદ શરૂ થયેલા ધીમી ગતિએ વરસાદે થોડી જ વારમાં ભારે વરસાદ પડતા પાલનપુરના નીચાણવાળા વિસ્તારો અને

સોસાયટીઓ માં વરસાદી પાણી અને ગટરના પાણી ના લીધે જળબંબાકાર સર્જાયું હતું. પાલનપુર નગરપાલિકાના પ્રમુખ મુખ્ય અધિકારી ઉપપ્રમુખ અને સત્તાધીશો તથા ખાસ સેનિટેશન વિભાગ ના પ્રિમોન્સૂનના સફળ કામગીરીના અને શહેરના મોટા નાળાઓની સફાઈ ના દાવાઓ ના સરેઆમ ધજાગરા ઉડ્યા હતા. આજે શનિવારે શહેરની શાળાઓ સવારની હોય બપોરે અનેક વિદ્યાર્થીઓ નાના ભૂલકાઓ અને વિદ્યાર્થીનીઓ વરસાદના સમયે શાળાઓ છૂટતા સૌએ વરસાદી મજા માણી હતી. પાલનપુરના આબુ હાઈવે વિસ્તાર ની સોસાયટીઓ અને બ્રિજેશ્વર કોલોની કોલેજ કમ્પાઉન્ડના નીચાણ વાળો ભાગ ગણેશપુરા બેચરપુરા નો કેટલોક ભાગ તથા ઢુંઢિયાવાડી સહિત અનેક વિસ્તારોમાં શહેરીજનોની હાલત ભારે કફોડી બની હતી.

સાબરકાંઠાના ૮ તાલુકામાં અડધા થી દોઢ ઈંચ વરસાદ: તલોદ તાલુકામાં મોસમનો ૮૦ ટકાથી વધુ વરસાદ

બાયડ, તા.૨૪

સાબરકાંઠા જિલ્લામાં ભારે વરસાદની આગાહી વચ્ચે પાછલા ૨૪ કલાક દરમ્યાન ૮ તાલુકામાં અડધા થી દોઢ ઈંચ વરસાદ વરસ્યો છે. તલોદ તાલુકામાં મેઘરાજાનું અપાર હેત વરસતું હોય તે રીતે તા.૨૩ જુલાઈ સુધીમાં તાલુકામાં મોસમનો સરેરાશ ૮૦.૨૮ ટકા વિકમી વરસાદ નોંધાયો છે.

મળતી જાણકારી અનુસાર રાજ્યમાં ફરીથી ત્રીજા રાઉન્ડની ધમાકેદાર શરૂઆત થઈ છે અને વિસ્તારોમાં મેઘરાજાએ તોફાની બેટીંગ કરતાં પ્રજાની અને સરકારની માલમિલ્કતને અબજોનું

નુક્સાન પહોંચ્યાના આંકડા ટૂંક સમયમાં બહાર આવી શકે છે. ત્યારે ઉત્તર ગુજરાતમાં પણ હવામાન વિભાગે ભારે વરસાદની આગાહી કરી છે અને સાબરકાંઠા જિલ્લાના ૮ તાલુકાઓમાં કાળાં ડીબાંગ વાદળોની જમાવટ પછી બફારો જે રીતે અનુભવાતો હતો તેની સરખામણીએ ઓછો વરસાદ વરસી રહ્યો છે છતાં ઉપરવાસમાં વરસતા વરસાદના કારણે જિલ્લામાં ઓછો વરસાદ છતાં જળાશયો અને નદીઓમાં પાણીની આવકમાં સતત વધારો થઈ રહ્યો છે. પાછલા ૨૪ કલાક દરમ્યાન પ્રાંતિજ, તલોદ તાલુકામાં દોઢ ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે.

જિલ્લામાં પાછલા ૨૪ કલાક દરમ્યાન વરસાદ

તાલુકો	વરસાદ (મિમી)
ખેડબ્રહ્મા	૨૫
વિજયનગર	૧૮
વડાલી	૫
ઈડર	૨૧
હિંમતનગર	૧૪
પ્રાંતિજ	૩૦
તલોદ	૨૯
પોશીના	૩૨

પાલનપુરના જુના બસ સ્ટેન્ડમાં સીસીટીવી કેમેરા લગાવવા માંગ

સીસીટીવી ન હોવાના કારણે બસ સ્ટેન્ડમાં ચીલઝડપ અને ચોરીના બનાવો બને છે

મુસાફરોની સલામતી માટે બસ સ્ટેન્ડમાં સીસીટીવી લગાવવા લેખિત રજૂઆત કરાઈ

પાલનપુર તા. ૨૪

પાલનપુર શહેરની મધ્યમાં આવેલ જુના બસ સ્ટેન્ડના નવા બિલ્ડિંગમાં સીસીટીવી કેમેરા ન હોવાના કારણે અહી મુસાફરોના મોબાઈલ ની ચીલઝડપ અને બાઈક ચોરીના બનાવો વધી રહ્યા છે.

ત્યારે મુસાફરોની સલામતી માટે એસટી વિભાગ દ્વારા આ બસ સ્ટેન્ડ માં સીસીટીવી લગાવવામાં આવે તે માટે મુસાફરો દ્વારા ડેપો મેનેજર અને જિલ્લા કલેકટરને લેખિત રજૂઆત કરવામાં આવી છે .આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના બ્યુરો ચીફ શ્રી ગણપતલાલ કે જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે,પાલનપુરમાં બજારની વચોવચ આવેલ જુના બસ સ્ટેન્ડ નું તાજેતરમાં કરોડો રૂપિયાના ખર્ચે નવીની કારણ

કરવામાં આવ્યું છે જોકે નવ નિર્મિત આ બસ સ્ટેન્ડમાં સીસીટીવી કેમેરા લગાવવામાં આવ્યા ન હોય ખિસ્સા કાતરૂ ઓ તેમજ ગઠિયાઓ લોકોના પાકીટ મોબાઈલ ની ચિલ ઝડપ કરી જાય છે . અને અહી પાર્ક કરેલા સ્કુટી તેમજ બાઈક ચોરીના બનાવો વધી રહ્યા છે તેમ છતાં અહી સીસીટીવી કેમેરા લગાવવામા ન આવતા મુસાફરોની સુરક્ષા ને લઈ અનેક પ્રશ્નો ઉભા થવા પામ્યા છે જોકે શહેર માં તાજેતરમાં ન્યુ બસ પોર્ટ પર થયેલી મારામારીમાં સીસીટીવી કેમેરા પોલીસ માટે કડી રૂપ સાબિત થયા હતા .ત્યારે જુના બસ સ્ટેન્ડ માં ભવિષ્યમાં અન ઈશ્યનીય બનાવ બને તે પહેલા જવાબદાર તંત્ર દ્વારા બસ સ્ટેન્ડ માં સીસીટીવી કેમેરા લગાવવા માટે તે માટે મુસાફરો દ્વારા ઉચ્ચકક્ષાએ લેખિત રજૂઆત કરી છે.

૧૨૦૦ના બદલે મતદાન મથક દીઠ ૧૫૦૦ મતદારોના સમાવેશની સંભાવના

સાબરકાંઠાના ૧૩૨૨ બી.એલ.ઓ. ૧ મહિના દરમ્યાન ૧૧.૧૪ લાખ મતદારોનો સંપર્ક કરશે

૧૩૨૨ મતદાન મથકોનું પુનગઠન, મતદાન મથકો ઘટવાની સંભાવના

બાયડ, તા.૨૪

આવતા વર્ષે લોકસભાની ચૂંટણી યોજાવવાની છે ત્યારે ચૂંટણી તંત્ર અત્યારથી સજ્જ બની રહ્યું છે. સાબરકાંઠા જિલ્લાના ૪ વિધાનસભા બેઠકના ૧૩૨૨ બી.એલ.ઓ. તા.૨૧ જુલાઈ થી ૨૧ ઑગષ્ટ દરમ્યાન ૧ મહિનામાં ૧૧,૧૪,૮૩૯ લાખ મતદારોનો ઘેર ઘેર ફરી સંપર્ક કરશે તેમજ મતદાન મથક દીઠ મતદારોની સંખ્યા ૧૨૦૦ થી વધારીને ૧૫૦૦ સુધી લઈ જવાની સંભાવના છે તે જોતાં જિલ્લામાં ૫૦ થી ૭૦ જેટલાં મતદાન મથકો લોકસભા ચૂંટણી દરમ્યાન ઘટવાની સંભાવના છે. તમામ મતદાન મથકોનું ફરીથી સ્થળ નિરીક્ષણ થશે તેમજ બુથમાં મતદાર સંખ્યા વધ-ઘટ પ્રમાણે આસપાસના બીજા મતદાન મથકમાં સમાવવા અંગે પણ તૈયારીઓ શરુ થઈ છે. પ્રાપ્ત જાણકારી અનુસાર તા.૧૬ જુલાઈના રોજ મતદાન મથકોની પ્રાથમિક સુધારા યાદી પ્રસિદ્ધ થઈ છે. સાબરકાંઠા જિલ્લામાં હિંમતનગર, ઈડર, ખેડબ્રહ્મા અને પ્રાંતિજ વિધાનસભા એમ કુલ-૪ વિધાનસભા બેઠકનો સાબરકાંઠા લોકસભા બેઠકમાં સમાવેશ થયેલો છે અને તેમાં ૧૩૨૨ મતદાન મથકો મારફતે મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરે છે પરંતુ હવે મતદાન મથક પુનગઠનની કામગીરી શરુ થઈ રહી છે જેમાં મતદાન મથકો સુરક્ષિત હોવા જોઈએ, મતદારોની સંખ્યા ૧૫૦૦ થી વધુ હોય તો નવું મતદાન મથક બનાવવું અને ૧૫૦૦થી ઓછી હોય તો તેમાં નવા મતદારોનો ઉમેદવારો કરવો સહિતના અનેક સુધારા તેમાં આવરી લેવામાં આવ્યા છે. જ્યારે જિલ્લાના ૮ તાલુકાના બી.એલ.ઓ.ને પોતાના વિસ્તારમાં મતદારોનો ઘેર ઘેર ફરીને સંપર્ક કરી મૃત્યુ પામેલા મતદારોના નામ કમી કરવા, લાયકાત ધરાવતાને મતાધિકાર આપવો સહિતની કામગીરીમાં આવરી લેવામાં આવ્યા છે. દરેક બી.એલ.ઓ.ને બાય બી.એલ.ઓ. નામની મોબાઈલ એપ ડાઉનલોડ કરવામાં આવી છે જેથી સ્થળ, સ્થિતિ ઉપર પણ ચૂંટણી વિભાગની સંપૂર્ણ બારીકાઈથી નજર રહેશે. સાબરકાંઠા જિલ્લામાં ૪ વિધાનસભા બેઠકમાં નોંધાયેલા ૧૧ લાખ મતદારોનો ૧ મહિનામાં ૧૩૨૨ બી.એલ.ઓ. દ્વારા ચોમાસા દરમ્યાન સંપર્ક કરવો અઘરો છે છતાં બી.એલ.ઓ. આ કામગીરી સૂપેરે પાર પાડશે તેવો તંત્રને વિશ્વાસ છે.

જિલ્લાની વિધાનસભાના મતદાન મથક

વિધાનસભા	મતદાન મથક
૨૭-હિંમતનગર	૩૩૮
૨૮-ઈડર	૩૫૩
૨૯-ખેડબ્રહ્મા	૩૨૬
૩૩-પ્રાંતિજ	૩૦૫

ખરાબ રોડથી ત્રાહિમામ પ્રજાજનોનો આક્રોશ... મોદીના નામે જીતો છો...!!!

મોડાસા નગરપાલિકા ગરીબો સામે અન્યાય કરી રહી છે ગ્રાંટના કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચારનો આક્ષેપ

મોડાસા, તા. ૨૫

અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં વિકાસના કામોના ખાડા થી શહેર ખાડા નગરીમાં પરિવર્તીત થઈ ગઈ છે શહેરના મોટા ભાગના વિસ્તારના માર્ગ કાદવ-કીચડથી ઉભરાઈ રહ્યા છે ઠેર ઠેર ભુવા પડતા નગરપાલિકા તંત્ર ભુવા પુરવા માટે દોડાદોડ કરી રહી છે મોડાસા શહેરના માલપુર રોડ પર આવેલ સાંઈ મંદિર થી સર્વોદય નગર (ડુંગરી) વિસ્તારને જોડાતો રોડ ચાર મહિના અગાઉથી બની રહ્યો છે રોડ માં ભ્રષ્ટાચાર થતો હોવાથી સ્થાનિક લોકોએ રોડનું કામ અટકાવ્યા બાદ રોડ કામ કરતી એજન્સી કામ બંધ કરી દેતા સમગ્ર રોડ પર ખાડા અને કાદવ- કીચડ થતા રોડ પરથી પસાર થતા લોકોમાં ભારે આક્રોશ જોવા મળ્યો હતો અને તાત્કાલિક રોડ નિર્માણની માંગ સાથે ચક્કાજામ કર્યો હતો. મોડાસા શહેરના માલપુર રોડ પર આવેલ સાંઈ મંદિરથી સર્વોદય નગર (ડુંગરી) વિસ્તારને જોડાતા માર્ગ પર ઠેર ઠેર ખાડાઓ અને કાદવ-કીચડ થતા સ્થાનિક લોકો અને વાહનચાલકો તોબા પોકારી

ઉઠ્યા છે અને નગરપાલિકા તંત્ર કે વોર્ડમાં ચૂંટાયેલ કોર્પોરેટર સર્વોદય નગર વિસ્તારનું ધ્યાન નહીં આપતા હોવાના આક્ષેપ સાથે રોડ બ્લોક કરી સ્થાનિક યુવાનો,રિક્ષાચાલકો, મહિલાઓ અને સૌ કોઈએ નગરપાલિકાના કોર્પોરેટરો અને તંત્ર સામે ગંભીર આક્ષેપ કર્યા હતા. સ્થાનિક લોકોના જણાવ્યા અનુસાર મત લેવા દોડતા પદાધિકારીઓ કે કોર્પોરેટરો ૫ વર્ષ સુધી દેખાતા નથી મોદીના નામે જીત મેળવે છે કોર્પોરેટરોને નાગા કરી મારવા જોઈએ સહીત અનેક વાકબાણ ચલાવ્યા હતા પેવર બ્લોક પર રોડ બનાવવામાં આવતો હોવાની સાથે રોડ કામમાં ભારે ભ્રષ્ટાચાર થતો હોવાનો સનસનીખેજ આક્ષેપ સ્થાનિકોએ કર્યો હતો વોર્ડના ચૂંટાયેલ કોર્પોરેટરો, સત્તાધીશો અને પાલિકાના અધિકારીઓને વારંવાર રજુઆત કરવા છતાં કોઈ નક્કર કામગરી કરવામાં ન આવતી હોવાનો આક્ષેપ કર્યો હતો

મોડાસાના વલ્લાવાંટા ગામમાં એક પરિવારના બે પુત્રો પાણીમાં ડૂબી જતા પરિવારમાં માતમ છવાયો

સમગ્ર પંથકમાં શોકનો માહોલ

મોડાસા, તા. ૨૫

અરવલ્લી જીલ્લામાં ચોમાસાની ઋતુમાં પાણીમાં ડૂબી જવાની ઘટનાઓ દર વર્ષે બનતી હોય છે મોડાસા તાલુકાના વલ્લા વાંટા ગામના રાવળ પરિવારના ૧૧ અને ૮ વર્ષીય પિતરાઈ ભાઈઓ શાળા છૂટ્યા બાદ કોઠારીયા તળાવ નજીક પશુઓને ચરાવવા ગયા હતા તળાવ કિનારે

પહોંચતા એક બાળકનો પગ લપસતાં સાથે રહેલા કિશોર બાળકને બચાવવા જતા બંને બાળકો તળાવમાં ગરકાવ થઈ જતા ભારે ચકચાર મચી હતી બે બાળકો તળાવમાં ડૂબી જતા સ્થાનિક તરવૈયાએ બંને બાળકને બહાર કાઢતા પરિવારજનોને આક્રંદ કરી મુકતા ભારે ગમગીની છવાઈ હતી બંને મૃતદેહને પીએમ માટે ખસેડી પોલીસે કાયદેસરની તજવીજ હાથધરી હતી. મોડાસા તાલુકાના વલ્લાવાંટા ગામના ધ્રુવ રાવળ અને સુનિલ રાવળ નામના બે બાળકો ગામના તળાવ કિનારે પશુઓને ચરાવવા ગયા હતા જેમાં એક બાળક તળાવના કિનારે રહેલી ચીકણી માટીના પગલે પગ લપસતાં તળાવમાં ગરકાવ થતા બચાવ બચાવની બૂમો પાડતા નજીક ઉભેલો ભાઈ મદદે પહોંચતા એ પણ ચીકણી માટીના લીધે તળાવમાં લપસી જતા જોત જોતામાં બંને બાળકો તળાવમાં ડૂબી જતા ભારે દેકારો મચી ગયો હતો તાબડતોડ દોડી આવેલા ગામલોકોએ બંને બાળકોના મૃતદેહ બહાર કાઢતા રાવળ પરિવારના સદસ્યો ભાંગી પડ્યા હતા સમગ્ર ઘટના અંગે મોડાસા રૂરલ પોલીસને જાણ કરતા ઘટનાસ્થળે પહોંચી બંને બાળકોના મૃતદેહને પીએમ માટે ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

ચંદ્રાલા નજીક આવેલ પાલવ હોટલ પાસે અકસ્માત સર્જાતા વડવાસાના યુવકનું મોત

અકસ્માતમા પ્રાંતિજના વડવાસાના યુવકનુ મોત : યુવક પોતાનુ બાઇક લઇને ચિલોડા તરફ જઈ રહ્યો હતો : યુવકનું ઘટના સ્થળે જ કમકમાટી ભર્યું મોત નિપજ્યુ : અકસ્માતને લઈને લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા

પ્રાંતિજ તા.૨૪

હિંમતનગર-અમદાવાદ નેશનલ હાઈવેઆઠ ઉપર ગાંધીનગર ના ચંદ્રાલા પાસે આવેલ પાલવ હોટલ પાસે અજાણ્યા વાહન ની ટક્કર થી પ્રાંતિજ નાવડવાસા ના બાઇક ચાલક નુ મોત. ગાંધીનગર જિલ્લાના ચંદ્રાલા નજીક આવેલ પાલવ હોટલ પાસે થી પોતાનુ બાઈક લઈ ને જઈ રહેલ પ્રાંતિજ ના વડવાસા ના યુવક ને અકસ્માત નડયો હતો જેમા અકસ્માતમા યુવક નુ મોત નિપજયુ હતુ જેમાં પ્રાપ્ત વિગત અનુસાર વડવાસાનો યુવક પટેલ નીરવ ભાઈ મહેશભાઈ કે જે પોતાનુ બાઈક લઈને ચિલોડા તરફ જઈ રહ્યો હતો તે દરમ્યાન કોઈ અજણ્યા વાહન ચાલકે ટક્કર મારતા બાઈક ચાલક બાઈક સાથે રોડ ઉપર પટકાયો હતો અને તેને જીવલેણ ઈજાઓ પહોચતા તેનુ ઘટના સ્થળેજ કમકમાટીભર્યુ મોત નિપજયુ હતુ તો અજણ્યો વાહન ચાલક બાઈક ચાલક ને ટક્કર મારી ઘટના સ્થળે મોત નિપજાવી પોતાનુ વાહન લઈ ને ભાગી ગયો હતો તો અકસ્માત ને લઈ ને રોડ ઉપર અવરજવર કરતા લોકો સહિત આજુબાજુમા રહેતા લોકો સહિત સ્થળે લોકોના ટોળેટોળાં અકસ્માત સ્થળે ઉમટી પડ્યા હતા.